ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૧ ઓક્ટોબર, ૨૦૨૬

એક્સપ્રેસ હાઈવે પર કાળમુખી લક્ઝરી બસના ચાલકની અંધાધૂંધ બેદરકારી: રોંગ સાઈડ ઓવરટેકના ચક્કરમાં સર્જાયો ભયાનક અકસ્માત

બસ ચાલકે ઓવરટેકની લ્હાયમાં પનો જીવ લીધો

આણંદના બોરીયાવી એક્સપ્રેસ વે પર 'સાઈ દર્શન ટ્રાવેલ્સ'ની બસ ટ્રક સાથે ભયાનક રીતે ઘસડાઈ





અકસ્માતમાં જીવ ગુમવાનારા

મુરલીમનોહરસિંઘ જગદીશસિંઘ (ઉ.વ.36, રહે. રાજસ્થાન)
નિખીલ તુલસીરામ સુથાર (ઉ.વ.22, રહે. રાજસ્થાન)
કૈલાસચંદ્ર રામચંદ્ર કુમાવત (ઉ.વ.30, રહે. રાજસ્થાન)
આબીદહુસેન અબ્દુલવાહીદ અન્સારી (ઉ.વ.41, રહે. બિહાર)
જીતેન્દ્રસિંહ નટવરસિંહ ઝાલા (ઉ.વ.31, રહે. હિમતનગર)

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદના બોરીયાવી સીમમાંથી પસાર થતાં વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર મોડી રાત્રે ૨:૪૫ વાગ્યે એક હૃદયદ્રાવક અને કાળજું કંપાવી દેનારી માર્ગ હોનારત સર્જાઈ હતી. સુરતથી સાબરકાંઠા જઈ રહેલી 'સાઈ દર્શન ટ્રાવેલ્સ' ની ખાનગી બસના ચાલકે અતિ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આગળ જતી ટ્રકની ઓવરટેક કરવા જતાં બસનો આખો ડાબો ભાગ ટ્રક સાથે ભયાનક રીતે ઘસડાયો હતો. આ ગોઝારા અકસ્માતમાં બસમાં સવાર અન્ય પાંચ મુસાફરના કરુણ મોત નિપજ્યાં હતાં. જ્યારે અનેક મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતાં.

સાબરકાંઠાના તલોદ તાલુકાના ભદ્રોદ્રા ગામના પ્રીતીબા જિતેન્દ્રસિંહ ઝાલાએ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી વિગતો અનુસાર, તેઓ પોતાના પતિ જિતેન્દ્રસિંહ નટવરસિંહ ઝાલા (ઉં.વ. ૩૦), બે પુત્રો ખુશાલસિંહ (ઉં.વ. ૧૪) અને વીરસિંહ (ઉં.વ. ૧૦), સાસુ સોરઠબા અને નણંદ સાથે સુરત પિયરથી પરત સાબરકાંઠા વતન જવા નીકળ્યા હતા. તેમણે ૨૯મી સપ્ટેમ્બરના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યે સુરત રાવપુરાથી 'સાઈ દર્શન ટ્રાવેલ્સ'ની લક્ઝરી બસમાં સ્લીપર કોચની ટિકિટ બુક કરાવી હતી.

આ બસ ભરૂચ નજીક હાઈવે પર રોકાઈને આગળ વધી ત્યારે ડ્રાઈવર અને કંડક્ટરે ફરિયાદીના પતિ જિતેન્દ્રસિંહને બસમાં આગળ ડ્રાઈવર સીટ પાસે બેસવા બોલાવ્યાં હતાં. રાત્રે આશરે ૨:૪૫ વાગ્યાના સુમારે એક્સપ્રેસ - વે પર આણંદના બોરીયાવી સીમમાંથી પસાર થતી વખતે લક્ઝરી બસના ચાલકે આગળ જતી ટ્રકને અતિ પુરઝડપે ઓવરટેક કરવાનો અંધાધૂંધ પ્રયાસ કર્યો હતો. બસ ચાલકની આ ગંભીર ભૂલના કારણે લક્ઝરી બસનો ડાબી બાજુનો આગળથી લઈને પાછળ સુધીનો આખો ભાગ ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર અથડાઈને ઘસડાયો હતો.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે, બસની આગળની સીટ પાસે બેઠેલા જિતેન્દ્રસિંહ ઉછળીને દરવાજા તથા પગથિયાં તરફ પટકાયા હતા અને તેમનો ડાબો હાથ બસના કચડાયેલા પતરા અને કાચ વચ્ચે ફસાઈને કપાઈ ગયો હતો. આ ઘટનાથી એક્સપ્રેસ વે મુસાફરોની ચિસાચીસથી આસપાસના લોકો દોડી આવ્યા હતાં અને તાત્કાલિક 108ને જાણ કરતાં એમ્બ્યુલન્સ દોડી આવી હતી અને ઘાયલોને સારવાર માટે આણંદ, નડિયાદ, અમદાવાદ અને વડોદરાની હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ ઉપરાંત અકસ્માત સર્જાતાં ધોરી માર્ગ પર ટ્રાફિક જામ થયો હતો.

મુસાફરોની ચીસો અને આજીજી છતાં બસ ઉભી ન રાખી !

આ અકસ્માત સર્જાયા બાદ બસની અંદર ભયાનક કકળાટ અને ચીસાચીસ મચી ગઈ હતી. લોહીલુહાણ થયેલા મુસાફરો અને પરિવારજનો બસના ડ્રાઈવરને બસ તરત જ ઊભી રાખવા વારંવાર આજીજી કરી રહ્યા હતા. જોકે, કાળમુખા બસ ચાલકે અકસ્માતની ગંભીરતા જાણવા છતાં અને લોકોના જીવ જોખમમાં હોવા છતાં બસ ઊભી રાખી ન હતી અને બસને આગળ સુધી હંકારી ગયો હતો. જો ચાલકે સમયસર બસ ઊભી રાખી હોત તો કદાચ ઈજાગ્રસ્તોને વહેલી સારવાર મળી શકી હોત.

લોહીથીલથપથપતિએઅકસ્માતનીઆપવીતીકહી

આ અંગે પ્રીતીબાએ હૃદયદ્રાવક આપવીતી જણાવતાં કહ્યું કે, આ અકસ્માત બાદ ભારે ચીસાચીસ વચ્ચે જિતેન્દ્રસિંહને બસમાંથી બહાર કાઢી રોડ કિનારે સુવડાવવામાં આવ્યા ત્યારે તેઓ જીવિત હતા. અત્યંત દર્દથી પીડાતા જિતેન્દ્રસિંહે પત્નીને જણાવ્યું હતું કે, "બસના ડ્રાઈવરે આગળ જતી ટ્રકને ખોટી રીતે ડાબી બાજુથી ઓવરટેક કરવા જતાં આ અકસ્માત સર્જ્યો છે. બાદમાં તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આમ, પત્ની અને પિતાની છત્રછાયા ગુમાવનારા બે માસૂમ બાળકોના આક્રંદથી સિવિલ હોસ્પિટલનો માહોલ ગમગીન બની ગયો હતો.

બસ ચાલક સામે સદોષ મનુષ્યવધ સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધ્યો

આણંદ રૂરલ પોલીસે આ ઘટના અંગે લક્ઝરી બસ નં. AR-01-W-1818 ના ચાલક સામે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 281 (બેદરકારીથી વાહન ચલાવવું), 105 (સદોષ મનુષ્યવધ), 125(a), 125(b) (ગંભીર ઈજા પહોંચાડવી) તથા મોટર વાહન અધિનિયમની કલમ 177, 184નો સમાવેશ થાય છે.

આણંદ શહેરમાંથી નકલી ગોલ્ડ ફ્લેક સિગારેટનો જથ્થો ઝડપાયો

'નવદુર્ગા સેલ્સ' ના વેપારી સહિત બે સામે ગુનો નોંધી રૂ. ૩૫ હજારનો મુદ્દામાલ જપ્ત

પેટલાદથી બિલ વગર માલ મંગાવ્યો હતો

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ પોલીસે રૂ. ૧૨૫ પ્રતિ બોક્સ લેખે કુલ ૨૮૩ બોક્સ કુલ કિંમત રૂ. ૩૫,૩૭૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા દુકાનદાર જીતેન્દ્ર મોરદાનીની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે આ નકલી માલ તેણે પેટલાદના નરેશભાઈ મહેશભાઈ ઘનકાની પાસેથી કોઈપણ જાતના બિલ વગર મંગાવ્યો હતો.

(પ્રતિનિધિ) આણંદ તા.30

આણંદ શહેરના ગંજ બજાર વિસ્તારમાં આવેલી 'નવદુર્ગા સેલ્સ' નામની દુકાનમાંથી જાણીતી ઈન્ડિયન ટોબેકો કંપની લિમિટેડના માર્કાવાળી ડુપ્લીકેટ ગોલ્ડ ફ્લેક સિગારેટનો મોટો જથ્થો આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને કંપનીના અધિકૃત પ્રતિનિધિ દ્વારા સંયુક્ત દરોડા દરમિયાન ઝડપી પાડવામાં આવ્યો છે.

આણંદ ગંજ બજારમાં આવેલ 'નવદુર્ગા સેલ્સ' નામની દુકાનમાં નકલી ગોલ્ડ ફ્લેક સિગારેટનો જથ્થો સંગ્રહ કરી તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે કંપનીના પ્રતિનિધિઓએ આણંદ એસઓજી પોલીસ સાથે દુકાન પર છાપો માર્યો હતો.

આ રેડ દરમિયાન દુકાનના કાઉન્ટર પર હાજર દુકાન માલિક જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ વાસુદેવ મોરદાની (રહે. રાધાસ્વામી બંગલો, આણંદ) ની હાજરીમાં દુકાનની ઝડતી લેવામાં આવી હતી. જેમાં ગોલ્ડ ફ્લેક સિગારેટ મળી કુલ ૨૮૩ સિલબંધ બોક્સ મળી આવ્યા હતા. આ કંપનીના સોફ્ટવેરમાં આ બોક્સ પરના યુઆઈએન નંબર દાખલ કરી તપાસ કરતાં તમામ જથ્થો નકલી હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ અંગે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં જીતેન્દ્ર ઉર્ફે જીતુ મોરદાની તથા પેટલાદના નરેશભાઈ ઘનકાની વિરુદ્ધ ધી કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ મુજબ ગુનો નોંધાયો હતો.

સંતરામપુર ફાયનાન્સ કંપનીમાં ૧૨.૭૬ લાખની ઉચાપત થઈ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૩૦

સંતરામપુર ખાતે આવેલી આઈઆઈએફએલ સમસ્તા ફાયનાન્સ બ્રાંચમાં આસિસ્ટન્ટ બ્રાંચ મેનેજરે મહિલા ગ્રાહકોના જીવિત પતિઓના બોગસ મરણ પ્રમાણપત્રો સિસ્ટમમાં અપલોડ કરી કંપની સાથે રૂ. ૧૨,૭૬,૬૧૯ની જંગી છેતરપિંડી અને ઉચાપત આચરી હોવાનો પર્દાફાશ થયો છે. આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફુટતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ અંગે આઈઆઈએફએલ સમસ્તા ફાયનાન્સના ક્લસ્ટર મેનેજર નરેન્દ્રભાઈ ઈશ્વરભાઈ માછીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, સંતરામપુર બ્રાંચમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા પંકજભાઈ દલપતભાઈ માલ (રહે. નાની ભુગેડી, તા. સંતરામપુર) એ ગ્રુપ લોન મેળવનાર ૩૨ મહિલા ગ્રાહકોના પતિ હયાત હોવા છતાં તેમના બનાવટી મરણ પ્રમાણપત્રો સિસ્ટમમાં અપલોડ કર્યા હતા. બાદમાં ૩૨ લોનધારકોની લોન ક્લોઝ કરાવી ક્લેઈમ પેટે રૂ. ૧૦,૭૮,૧૯૩ તેમના ખાતામાં જમા કરાવ્યા હતા.

બાદમાં પંકજ માલે ૮ ગ્રાહકોને ખાતામાં ભૂલથી વીમાની રકમ જમા થઈ ગઈ છે તેમ કહી રૂ. ૧,૧૪,૩૪૯/- રોકડા મેળવી લીધા હતા. આ ઉપરાંત અન્ય ગ્રાહકોને 'નવી લોન મંજૂર થઈ છે' તેવી લોભામણી વાતોમાં ફસાવી હપ્તા પેટે મોટી રકમ ઉઘરાવી લીધી હતી. આ અંગે પંકજ માલ વિરુદ્ધ સંતરામપુર પોલીસ મથકે વિશ્વાસઘાત અને ઉચાપતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

રંગાઇપુરામાં સો-મીલો અને પાકા બાંધકામો જેસીબીથી તોડી પડાયાં હતાં

પેટલાદ ટાઉન પીઆઈ સામે તોડફોડમાં મદદગારીનો આક્ષેપ

રંગાઈપુરા તોડફોડ પ્રકરણમાં સીઆઈડી કે ડીએસપી કક્ષાના અધિકારી દ્વારા તપાસની માંગ



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩૦

પેટલાદ પાસે રંગાઈપુરા ચોકડી પાસે સો-મીલ અને અન્ય બાંધકામ તોડવાનો મામલો કોર્ટમાં પહોંચ્યો છે. આ કેસમાં મૂળ માલિક સહિત અન્ય ઈસમો દ્વારા જેસીબી થકી સૉ-મીલ, મકાનો, દુકાનો વગેરે પાકા બાંધકામો તોડી પાડ્યા હતા. જેથી પિડીતોએ ટાઉન પોલીસની મદદ માંગી હતી. પરંતુ ટાઉન પીઆઈએ અરજી સ્વીકારવાનો ઈન્કાર કરી ફરીયાદ દાખલ કરી નહતી. જેથી બંન્ને સૉ-મીલના માલિકોએ પેટલાદ ટાઉન પીઆઈ સહિત છ ઈસમો વિરૂદ્ધ કોર્ટમાં ફોજદારી ફરીયાદ રજુ કરી હતી. જેના અનુસંધાને આ સમગ્ર ઘટનાનો પેરા વાઈઝ અહેવાલ 15મી ઓક્ટોબર સુધીમાં રજુ કરવા કોર્ટે આદેશ કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પેટલાદના રંગાઈપુરા ચોકડી પાસે સર્વે નં.૩૦/૧ જમીન આવેલ છે. જેના ઉપર છેલ્લા ત્રીસેક વર્ષથી લક્ષ્મી નારાયણ ટીમ્બર અને યોગેશ્વર ટીમ્બર કાર્યરત હતા. આ જમીનનો ભાડા ભોગવટો અને કબ્જો આ બંન્ને સૉ-મીલના માલિકો પાસે હતો. જોકે, વર્ષોથી થયેલા બાંધકામ સામે ત્રાહિત ઈસમની અરજી સંદર્ભે થયેલા કલેક્ટરના આદેશનું ખોટું અર્થઘટન કરી મૂળ માલિક મણિકાંત પટેલ, મંજુલાબેન, બેબીબેન સહિત શકીલ મિરઝાની ટોળકીએ બંન્ને સૉ-મીલમાં 23મી સપ્ટેમ્બરે ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. જ્યાં તોડફોડ કરવામાં આવી હતી. જેથી બંન્ને સૉ-મીલના માલિક હર્ષદભાઈ પટેલ અને ગીતાબેન પોકારે પેટલાદ ટાઉન પીઆઈને રજુઆત કરી હતી. પરંતુ આ અંગે કોઈ જ ફરીયાદ દાખલ નહીં કરતા બંન્ને પિડીતોએ 28મી સપ્ટેમ્બરના રોજ પેટલાદ કોર્ટમાં ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર વી.પી. ચૌહાણ સહિત છ લોકો સામે ફોજદારી ફરીયાદની અરજી દાખલ કરી હતી.

જેમાં આક્ષેપ કર્યો હતો કે, પેટલાદ ટાઉન પીઆઈએ અમને મદદ કરવા અને ગુનેગારો સામે ગુનો નોંધવાના બદલે અમારી સામે શાંતિ ભંગની ફરીયાદ નોંધી હતી. અમને સવારે 11 થી સાંજે 5 સુધી પોલીસ મથકે બેસાડી રાખી ગુનેગારોને તોડફોડ કરવા મોકળું મેદાન આપ્યું હતું. આ અરજી સાથે ભાડા કરાર, ભાડા વાઉચરો, ફોરેસ્ટ લાયસન્સ, જીએસટી નોંધણી, લાઈટબીલ, આકારણી, પંચાયતના કરવેરા વગેરે દસ્તાવેજી પુરાવા કોર્ટમાં રજુ કર્યા હતા. જેના અનુસંધાને પેટલાદ કોર્ટે તા.29 સપ્ટેમ્બરના રોજ આદેશ કરતાં જણાવ્યું હતું કે આ સમગ્ર ઘટના મામલે પોલીસે કરેલ તમામ કાર્યવાહી પેરા વાઈઝ તા.15 ઓક્ટોબર સુધીમાં રજુ કરવી.

કોર્ટના આદેશ બાદ પોલીસ હરકતમાં આવી

મળતી માહિતી મુજબ આ સમગ્ર ઘટના સંદર્ભે પેટલાદ કોર્ટે અહેવાલ રજુ કરતા જ ટાઉન પોલીસ હરકતમાં આવી ગયા છે. ટાઉન પોલીસ મથક દ્વારા ગતરોજ આ બંન્ને ફરીયાદીને સમજ વાદી મોકલવામાં આવી હતી. જેમાં ઉલ્લેખ હતો કે ફરીયાદીની અરજીના અનુસંધાને નિવેદનો લેવા તથા પૂછપરછ કરવાની હોવાથી દિન એકમાં ટાઉન પોલીસ મથકે આવવા જણાવ્યું હતું. જો ના આવી શકે તો અરજી દફ્તરે કરવાની ચીમકી આપી હતી. જેના સંદર્ભમાં ફરીયાદીએ ટાઉન પોલીસને જવાબ મોકલી આપ્યો હતો. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ હતો કે છેલ્લા છ દિવસ દરમ્યાન બંન્ને સૉ-મીલ, મશીનરી, સાધનો, મકાનો, દુકાનોમાં તોડફોડ, લૂંટ, ચોરી, ધાકધમકી ઉપરાંત કરોડોનું નુકશાન કરવામાં આવ્યું છે. આ ગુના સંદર્ભે પેટલાદ કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરી છે, જેમાં પીઆઈ પ્રથમ આરોપી સહિત અન્ય છ લોકો વિરૂદ્ધ ફરીયાદ છે. એટલે આ ગુનાના આરોપી તપાસકર્તા બની શકે નહીં. ઉપરાંત આ સમગ્ર ઘટનાની તપાસ સીઆઈડી ક્રાઇમ અથવા ડીએસપી કક્ષાના અધિકારી દ્વારા થવા ફરીયાદીએ માંગણી કરેલ હોવાનું જાણવા મળે છે.

સંતરામપુરમાં બસની ટક્કરે બાઈકસવાર બે યુવકના મોત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૩૦

સંતરામપુરથી ઝાલોદ તરફ જતા હાઈવે પર હીરાપુર ગામ પાસે એસ.ટી. બસ અને બાઈક વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં બે આશાસ્પદ યુવકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે એક યુવક ગંભીર ઈજા પહોંચી હતી.

દાહોદના ઝાલોદ તાલુકાના બંબેલા ગામનો ગોવિંદભાઈ શંકરભાઈ કટારા (ઉં.વ. ૧૮) પોતાના મિત્રો હર્ષદભાઈ રાયસીંગભાઈ કલારા (રહે. ધાવડીયા) તથા હર્ષદભાઈ અશ્વિનભાઈ ચરપોટ (રહે. વેલપુરા) સાથે બાઈક પર સંતરામપુર તરફથી ઝાલોદ તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન સામે ઝાલોદ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એસ.ટી. બસ (GJ.18.Z.9773) ના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકચાલક ગોવિંદભાઈ કટારાને ઈજા થતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા હર્ષદભાઈ કલારાનું પણ ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. આ અકસ્માતમાં ત્રીજા યુવક હર્ષદભાઈ ચરપોટને તાત્કાલિક સારવાર અર્થે સંતરામપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે મૃતકના ભાઈ વિપુલભાઈ શંકરભાઈ કટારાની ફરિયાદના આધારે સંતરામપુર પોલીસે એસ.ટી. બસના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખાત્રજના યુવકને સગીરા પર દુષ્કર્મ કેસમાં દસ વર્ષની કેદ

એક્ટિવા પર ભગાડી જઈ ફાર્મમાં આચર્યું દુષ્કર્મ હતું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

મહેમદાવાદ તાલુકાના ખાત્રજ ગામના યુવકે સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જઈ દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા સંભળાવી છે. કોર્ટે આરોપીને દંડ ફટકારવાની સાથે ભોગ બનનાર સગીરાને આર્થિક વળતર આપવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.

મહેમદાવાદ પંથકમાં રહેતી 16 વર્ષ અને 4 માસની સગીરાને મૂળ ખાત્રજ અને હાલ ખેડાના કાજીપુરામાં રહેતો કિરણ ભરત ઠાકોર ગત 29 મે 2024ના રોજ નંબર વગરના એક્ટિવા પર ફોસલાવીને ભગાડી ગયો હતો. બાદમાં સગીરાને અગાસ બોરીયા સીમમાં આવેલા એક ફાર્મમાં લઈ ગયો હતો અને ત્યાં તેની મરજી વિરુદ્ધ અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે પરિવારજનોની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે આરોપી કિરણ ઠાકોર વિરુદ્ધ અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી અને તપાસ બાદ નડિયાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ પી. પી. પુરોહિત સમક્ષ કેસ ચાલી જતાં સરકારી વકીલે ધારદાર દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ તરફથી કોર્ટમાં 22 જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા અને બનાવને સમર્થન આપતા આશરે 12 સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી.

આમ, તમામ પુરાવાઓ અને જુબાનીઓને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશે આરોપી કિરણ ઠાકોરને કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદ અને 45 હજારનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, વસૂલ કરાનારા દંડમાંથી 25 હજાર તથા સરકારી ઠરાવ મુજબ એક લાખ મળીને કુલ 1.25 લાખનું આર્થિક વળતર ભોગ બનનાર સગીરાને ચૂકવી આપવાનો પણ કોર્ટે હુકમ કર્યો છે.

નડિયાદમાં એક વર્ષની બાળકીને એનઆરઆઈ દંપતીએ દત્તક લીધી

ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટના હસ્તે સોંપણી થતાં વિદાય વેળાએ આશ્રમ પરિવાર ભાવુક બન્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

નડિયાદ સ્થિત માતૃછાયા અનાથ આશ્રમમાં સંભાળ હેઠળ ઉછરી રહેલી ૧ વર્ષની અનાથ બાળકીના જીવનમાં એક અનોખો અને આશાસ્પદ વળાંક આવ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં સ્થાયી થયેલા મૂળ ગુજરાતી એનઆરઆઈ દંપતીએ ભારત સરકારના નિયમો હેઠળ આ બાળકીને દત્તક લઈ નવજીવન પૂરું પાડ્યું છે. તમામ સત્તાવાર પ્રક્રિયાઓ પારદર્શક રીતે પૂર્ણ થતાં બાળકી તેના નવા માતા-પિતા સાથે અમેરિકા જવા રવાના થઈ છે.

બાળકીને દત્તક લેવા માટે દંપતીએ ભારત સરકારની સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA) ની માર્ગદર્શિકા તથા એડોપ્શન રેગ્યુલેશન ૨૦૨૨ મુજબ આંતરદેશીય દત્તક ગ્રહણની તમામ જરૂરી પ્રક્રિયા હાથ ધરી હતી. સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા બાળકના સર્વોચ્ચ હિતને ધ્યાને રાખી દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. બાદ ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં અને તેમના હસ્તે દત્તક વિધિ પર આખરી મહોર મારી બાળકીને દંપતીને સોંપવામાં આવી હતી.

કાયદેસરની સોંપણી બાદ આશ્રમમાંથી બાળકીની વિદાય વેળાએ અત્યંત લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશ પટેલ, માતૃછાયા આશ્રમના અધિક્ષક સંદીપ પરમાર તથા ડિરેક્ટર સિસ્ટર મનીષા મકવાણા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આશ્રમના સંચાલકો અને સ્ટાફે બાળકીને હૂંફ આપી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે ભાવી શુભેચ્છાઓ પાઠવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225